ક્રમાંક. ક - ૩/પરચ/૨૦૨૬/ ૬૭૫૬
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે,કારેલીબાગ,
વડોદરા.
તા.  /  /૨૦૨૬

૨/- જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ પ્રા.મા. અને ઉ.મા. શાળાઓ,(તમામ)
જિ. વડોદરા.
**નકલ રવાના (જાણ તથા અમલવારી કરવા સારું.)**
- શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) જિ. વડોદરા

## પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકન

ક્રમાંક:મઉમશબ/ક-૧/ 536 to 569
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૩/૦૮/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય – અધ્યયન નિષ્પત્તિઓ આધારિત પ્રથમ એકમ કસોટી યોજવા બાબત.
(શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭)
સંદર્ભ – અત્રેની કચેરીના પત્રક્રમાંક: મઉમશબ/સંશોધન/૨૦૨૫, ૨૫૪૪-૮૭,
તા.૦૩/૦૯/૨૦૨૫.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે વિદ્યાર્થીઓના શિક્ષણના અભ્યાસમાં સાતત્ય જળવાઈ રહે તેમજ સતત મૂલ્યાંકન દ્વારા શિક્ષણની ગુણવત્તાના સુધારણાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા વિવિધ પ્રયાસો કરવામાં આવી રહેલ છે. જેના અનુસંધાને ધોરણ–૦૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકનની પદ્ધતિ દ્વારા એકમ કસોટી અમલમાં મૂકેલ, જેમાં શાળાએ પ્રશ્નબેંકમાંથી પ્રશ્નો પસંદ કરી પોતાની રીતે મૂલ્યાંકન હાથ ધરવાનું રહેશે. પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકન માટે સંદર્ભદર્શીત પત્ર તા.૦૩/૦૯/૨૦૨૫નો અમલ કરવા જણાવવામાં આવે છે.

બોર્ડ દ્વારા તૈયાર કરવાની થતી અંદાજીત પ્રથમ સત્રમાં તા:૦૭/૦૯/૨૦૨૬ થી તા:૧૭/૦૯/૨૦૨૬ અને બીજા સત્રની એકમ કસોટી તા.૨૧/૧૨/૨૦૨૬ થી તા.૩૧/૧૨/૨૦૨૬ દરમ્યાન યોજવાની રહેશે. પ્રથમ સત્રની મુલ્યાંકન કસોટી માટે ૩૧ ઓગસ્ટ સુધીના અભ્યાસક્રમ તથા ડિસેમ્બર માસની બીજા સત્રની મુલ્યાંકન કસોટી માટે ૧૫ ડિસેમ્બર સુધીના અભ્યાસક્રમને ધ્યાને લેવાનો રહેશે. પ્રથમ પ્રશ્નબેંક તા.૦૧/૦૯/૨૦૨૬ થી તા.૦૪/૦૯/૨૦૨૬ સુધીમાં તથા બીજી પ્રશ્નબેંક તા.૧૫/૧૨/૨૦૨૬ થી તા.૧૮/૧૨/૨૦૨૬ સુધીમાં કચેરી દ્વારા ઓનલાઇન પોર્ટલ પર મુકવામાં આવશે.

8-3

### સૂચનાઓ:-

- પ્રશ્નબેંક અધ્યયન નિષ્પત્તિઓ આધારિત બનાવેલ છે. તે મુજબ ૨૫ ગુણની કસોટી લેવાની રહેશે. જેનો સમય ૧(એક) કલાકનો રહેશે.
- પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકન માટે ધોરણ–૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના ગણિત, ભૌતિકવિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન અને અંગ્રેજી તથા સામાન્ય પ્રવાહના અંગ્રેજી, નામાનાં મુળતત્વો, આંકડાશાસ્ત્ર, વાણિજ્ય વ્યવસ્થા, અર્થશાસ્ત્ર અને મનોવિજ્ઞાન વિષયો માટેની પ્રશ્નબેંક બોર્ડ દ્વારા તૈયાર કરી મોકલવામાં આવશે.

5/8/26

જિ. શિ. અ. કચેરી, વડોદરા
પત્રની નોંધણી નંબર 3452
તારીખ 5/8/26
સહી ..........
કચેરીની સહી ..........

- ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત પાઠ્યપુસ્તકના આધારે જ એકમ કસોટીની રચના કરવાની રહેશે.
- તા.૦૧/૦૯/૨૦૨૫થી શાળાઓ બોર્ડની વેબસાઈટ www.gseb.org પર 'ધોરણ-૯ થી ૧૨ની પ્રશ્નબેંક' પર ક્લિક કરી શાળાનો ઈન્ડેક્સ નંબર તથા પાસવર્ડ દ્વારા લોગ ઈન કરી પ્રશ્નબેંક ડાઉનલોડ કરી શકશે.
- શાળાઓ દ્વારા લેવામાં આવેલ કસોટીનું ગુણાંકન દિન-૭(સાત)માં કરવાનું રહેશે. મૂલ્યાંકન બાદ વિદ્યાર્થીઓને પરિણામની જાણ કરવાની રહેશે. ઉત્તરવહીમાં વાલીની સહી અચૂક લેવાની રહેશે.
- શાળાએ વિદ્યાર્થીઓના મૂલ્યાંકનની કાર્યવાહી યોગ્ય રીતે થાય તેની તકેદારી રાખવી તથા મૂલ્યાંકન બાદ વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણની વિગતો અને જરૂરી દસ્તાવેજો સમગ્ર વર્ષ દરમિયાન શાળા કક્ષાએ સાચવી રાખવાના રહેશે.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા સમયાંતરે એકમ કસોટી સંબંધિત અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે તથા દરેક શાળામાં યોગ્ય રીતે મૂલ્યાંકન પ્રક્રિયા હાથ ધરાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
- શાળાના વાર્ષિક નિરીક્ષણ વખતે કસોટી આધારિત મૂલ્યાંકન યોગ્ય રીતે થયેલ છે કે કેમ? તે ધ્યાને લેવાનું રહેશે.
- જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓએ રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ ઉપરોક્ત તમામ સૂચનાઓનું યોગ્ય પાલન થાય તે માટે શાળાઓને જાણ કરવાની રહેશે તથા તેની અમલવારી સુનિશ્ચિત કરવાની રહેશે.

**નાયબ નિયામક (પરીક્ષા)**
**ગુજરાત માધ્યમિક અને**
**ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ**
**ગાંધીનગર**

**<u>સવિનય નકલ રવાના:-</u>**

- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- માન. નાયબ અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- માન. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

**<u>નકલ રવાના જાણ સારુ:-</u>**

- આઈ.ટી.મેનેજરશ્રી, આઈ.ટી.શાખા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- હિસાબી અધિકારીશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.